સલામી સવારની..

અસંતુષ્ટોને પ્રચાર કાર્યે જોતરી ન શકાય!
વારંવાર આ મતદારોને છેતરી ન શકાય!
ખેતરાય નહીં હવે કોમવાદી રૂઝેલા ઘાવ -
પાટીદારોથી પડ્યું અંતર આંતરી ન શકાય...

હાઈકુ

બધા પક્ષમાં
છૂપા ભાંગફોડિયા -
બેઠા છે 'શત્રુ'...

કરી ન શક્યા
સમય હતો ત્યારે -
(હવે) થશે 'સફાઈ'...

ચિંતન

અગ્નિ મિચ્છતાં જન ધૂમ સ્ત્યજયે II

'જેમને અગ્નિ પામવાની અપેક્ષા હોય એવા જનો ધુમાડાની ઉપેક્ષા કદી ન કરી શકે.'

'ચાણક્યનીતિ'ના આ સૂત્ર સુખો સાથે દુઃખની છાયા, હક્ક સાથે ફરજનું મહત્ત્વ, સિદ્ધિ સાથે સાધના અને તપનું મહત્ત્વ સમજાવે છે.

પરીક્ષામાં જેને સારા ટકા ને આશા રાખી હોય એવા વિદ્યાર્થીએ સતત-સખત મહેનત કરી 'તપ' કરવું જ પડે, પરિશ્રમ વિના સારાં પરિણામ નથી મળતા.

કોઈની પાસે-કોઈમાં કંઈ અપેક્ષા રાખો તેની પૂર્વશરત તેના માટે પ્રેમ-ત્યાગ-સમર્પણ એના પ્રત્યે-એ પહેલાં દર્શાવવાં જરુરી છે.

પ્રાચીનકાળમાં 'હવન' માટે પવિત્ર અગ્નિ મેળવવા સૂર્ય-શક્તિ માટે 'ઘર્ષણ' દ્વારા અગ્નિ ઉત્પન્ન કરવામાં આવતો. છાણા પર આહ્વાન થતું એમાં પ્રથમ 'ધુમાડો' નિકળે - તે સહન કરી પછી જ અગ્નિ મળે.

સુવિચાર

- રોજ લંબાયા કરે ને લાજ પણ રાખ્યા કરે, ભર સભામાં દ્રૌપદીના ચીર જેવું છે જીવન - **નવનીત**
- લાગણીઓનાં મુદ્દે તમને નીચોવી નાખે એવાં વ્યક્તિઓ સાથેના સંબંધો લાગણીઓથી નહીં પણ બુદ્ધિથી જાળવવા પડે - **હંસલ ભચેચ**
- જે પોતાના માટે જીવે છે તેનું મરણ થાય છે, પણ જે બીજાને માટે જીવે છે તેનું સ્મરણ થાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- સાચા અર્થમાં આત્મસન્માન એટલે પોતાની જાતનો વિચાર ન કરવો તે છે - **ઝેન કથન**
- પોતાની જાતનું સામ્રાજ્ય જેણે પ્રાપ્ત નથી કર્યું, એવો કોઈ પણ માણસ સ્વતંત્ર નથી - **પ્લેટો**
- તમારા હૃદયમાં રહેલાં અગ્નિના તણખા (અંતરાત્માને) પ્રજ્વલિત રાખવા પરિશ્રમ કરો - **જ્યોર્જ વોશિંગ્ટન**

(સંકલન : દીપક વી. આસરા)

બોધકથા

કેટલાક લોકો નાની નાની વાતે ઉશ્કેરાઈ જતા હોય છે અને આ ઉશ્કેરાટ પછી આખો દિવસ તેમના મગજ પર સવાર હોય છે. ક્ષમા અને મૌન માનસિક શાંતિ અને પ્રસન્નતાનો ઉપાય છે.

એક વૃદ્ધ માજી વૃદ્ધાવસ્થામાં રહેતાં હતાં ઘરનાં અને સમાજનો તેમના પ્રત્યેની અવમાનનું એને જરા પણ દુઃખ ન હતું. સદાય પ્રસન્ન અને હસતાં જ રહેતાં હતા. વૃદ્ધાશ્રમમાં સેવા માટે આવતી નર્સે - માજીને સદાય પ્રસન્ન રહેવાનું કારણ પૂછ્યું :

માજી કહે : (૧) ઘરનાં કે સમાજ પ્રત્યે મને જરા પણ તિરસ્કાર નથી મારાં પૂર્વજન્મના કર્મોને કારણ માની બધાંને માફ કરી દીધું છે. (૨) કાલની કે હવે આવનારી ક્ષણની પણ ચિંતા કરતી નથી. (૩) સહજ-સાદુ ને કોઈ પણ જરૂરિયાત અપેક્ષા વિનાનું જીવન જીવું છું (૪) સૌને મદદરુપ થવામાં મને આનંદ આવે છે (૫) કોઈમાં કંઈક જ અપેક્ષા વિના, હું મારા કર્તવ્ય-ફરજ બજાવું છું - એથી ચોવીસ કલાક મારું મન પ્રસન્ન રહે છે.

નર્સ કહે : પરંતુ ઘણાં દુઃખદ અનુભવ-અન્યાય તો કદી ભૂલાતા નથી - હતાશ નથી થતાં?

માજી કહે : અમાસ પછી આપણે પૂનમની આશા હોય જ છે ને? મુશ્કેલીઓ તો જીવનપથમાં આવતાં સ્પીડબ્રેકર બમ્પ છે એ કાયમી રહેતાં નથી.

ભર્યા નારિયેલ જેવી સ્થિતિ

તંત્રીસ્થાનેથી....

પાટીદાર આંદોલન અને બિહારની હાર પછી ભારતીય જનતા પાર્ટી માટે કોઈ પણ ચૂંટણી એક પડકાર સમી જ બની રહે તે સમજી શકાય એમ છે. ગુજરાત ઘણાં વર્ષોથી ભાજપનાં ગઢમાં ફેરવાઈ ગયું છે. વિશેષપણે નરેન્દ્ર મોદીના શાસનકાળમાં ભાજપ એટલી હદે મજબૂત બની ગયો કે કોંગ્રેસ તદન હાંસિયે ધકેલાઈ જવા પામી હતી. ક્યારેક આ જ ગુજરાતમાં કોંગ્રેસના નામના સિક્કા પડતા હતા. મહાત્મા ગાંધી અને સરદાર પટેલનું ગુજરાત આઝાદીની ચળવળ દરમિયાન કોંગ્રેસનું શિરમોર નેતૃત્વ કરતું હતું. આઝાદી પછીના ગુજરાત પર મોરારજી દેસાઈનું સુવાંગ ચક્રવર્તી રાજ ચાલતું હતું. શંભુ મહારાજ જેવા પ્રખર ધર્માધ્યક્ષ અને જનસંઘી ક્યારેક જીતી શક્યા નહોતા એ હકીકત સૂચકછે. એ જ ગુજરાત કોંગ્રેસ કાળક્રમે ટુકડાઓમાં વહેંચાઈ ગઈ અને કોંગ્રેસ જ કોંગ્રેસને હરાવવાનું નિમિત્ત બનતી રહી. કોંગ્રેસમાંથી હાંકી કઢાયેલા ચીમનભાઈ પટેલ અને કોંગ્રેસને રામ રામ કરી મોરારજીભાઈની સંસ્થા કોંગ્રેસ કે જનતા પાર્ટી સાથે જોડાયેલા બાબુભાઈ જશભાઈએ વિચારધારાની રીતે ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવ જેટલું અંતર ધરાવતાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના રાજકીય ફરજંદ જનસંઘ અને પછી ભારતીય જનતા પાર્ટી જેવાં નામે સક્રિય રહેનારા હિંદુત્વવાદી પક્ષ સાથે ગઠબંધન રચીને ઈંદિરા ગાંધીની કોંગ્રેસ સામે ઝીંક ઝીલવાનું પસંદ કર્યું. આથી નબળી પડી ગયેલી કોંગ્રેસને નાછૂટકે જ્ઞાતિવાદી અભિગમ અપનાવવો પડ્યો હશે, જેની ફળશ્રુતિ સ્વરુપે ઝીણાભાઈ દરજી અને માધવસિંહ સોલંકી જેવા નેતાઓએ એને ગુજરાતમાં પછાત વર્ગો, લઘુમતી અને અનુસૂચિત જાતિ-જનજાતિની પાર્ટી તરીકેની સંકુચિત ઓળખ આપી. આથી ક્યારેક જે કોંગ્રેસ સુવાંગ ગુજરાતી પ્રજાનું પ્રતિનિધિત્વ કરતી હતી એમાંથી ઉજળિયાત ગણાતી જ્ઞાતિઓની બાદબાકી થઈ ગઈ. પાટીદાર નેતા તરીકે ઉપસી આવેલા 'છોટે સરદાર' ચીમનભાઈ પટેલ જેવો કુનેહબાજ નેતા ગુજરાતમાં રહીને દિલ્હીને હલાવતો હતો, તે કોણ નથી જાણતું? પરંતુ ચીમનભાઈના અકાળ અવસાન પછી સમીકરણો બદલાઈ ગયાં અને ગુજરાતનો સમૃદ્ધ પાટીદાર સમુદાય ભારતીય જનતા પાર્ટીની ઝોળીમાં ઠલવાઈ ગયો. ભાજપના ભલાભોળા કિસાનબ્રાન્ડ સંવર્ધક કેશુભાઈ પટેલને એમની જ પાર્ટીએ ધરાર ફગાવી દઈ નરેન્દ્ર મોદી જેવા મહત્ત્વાકાંક્ષી નેતાના હાથમાં સુકાન સોંપ્યું ત્યાર પછી ગુજરાતમાં કોંગ્રેસ સતત હાંસિયે ધકેલાતી રહી હતી. જે કોંગ્રેસે ક્યારેક માધવસિંહ સોલંકીના નેતૃત્વકાળમાં છવ્વીસમાંથી પચ્ચીસ બેઠકો મેળવીને લોકસભામાં અને ૧૪૯ બેઠકો સાથે વિધાનસભામાં વિક્રમજનક સફળતા હાંસલ કરી હતી, તે જ કોંગ્રેસને છેલ્લી ચૂંટણી દરમિયાન લોકસભામાં સફાયો કરીને મોદીએ ગુજરાતને લગભગ 'કોંગ્રેસ મુક્ત' કરી દીધું હતું. મોદીના દિલ્હીગમન પછી એમની જ પાર્ટીના વારસદાર આનંદીબેન પટેલ પણ એમનાં જ રાહ પર ચાલી રહ્યાં હતાં ત્યાં 'પાટીદાર આંદોલન'નો રાહુ આભડી જતાં ભાજપ રક્ષણાત્મક સ્થિતિમાં મુકાઈ ગયેલ છે. કોંગ્રેસ માટે આગામી ૨૯મી તારીખ ખુબ યાદગાબ બની શકે એમ છે. ભરતસિંહ સોલંકી જેવા પ્રગલ્ભ, સુશિક્ષિત નેતાની દોરવણી હેઠળ સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં ઉતરેલ કોંગ્રેસ માટે આ 'ગ્રાન્ડ કમબેક'નો સોનેરી અવસર સાબિત થઈ શકે એમ છે. જો કે આનંદીબેન અને એમની પાર્ટી ભાજપની શાખ બચાવવા કાચા-પરોઢિયાં કરી રહ્યાં છે, પરંતુ પાટીદાર ફેક્ટર ઉપરાંત કારમી મોંઘવારી અને મોદી મેજિકનું બિહારમાં થયેલું સુરસુરિયું એમને નડી રહ્યું છે. તેમ છતાં, અહીં ભાજપ પાસે રાજ્ય સરકારની સુવાંગ સત્તા છે. આખું તંત્ર પણ મુખ્યમંત્રીની આબરૂ બચાવવા કામે લાગી ગયું છે. આનંદીબેનને કેન્દ્રનું પૂરેપૂરું સમર્થન છે, છતાં અહીં એમની જ પાર્ટીએ વખાર નંખાઈ ગયેલ કેટલાંક વિરોધી તત્ત્વો માટે મોદી અને આનંદીબેન બેઉને પોતાની તાકાત બતાવવાની આ સોનેરી તક સાંપડી છે. ભર્યા નારિયેળ જેવી સ્થિતિમાં કોનું કિસ્મત જોર કરી જશે, એની તો બીજી ડિસેમ્બરે મતપેટીઓ ખૂલશે ત્યારે જ ખબર પડશે!

આયુર્વેદનું દર્શન (વિશ્વ ફિલોસોફી દિવસે)

દર્શનશાસ્ત્રો ભારતની વિશ્વને અપાયેલ અમૂલ્ય ભેટ છે. આમ તો દરેક દેશની પોતાની ફિલોસોફી હોય છે, પોતાનું કલ્ચર હોય છે. પરંતુ પ્રાચીન સમયથી નજર કરીએ તો ત્રણ દેશોની ફિલોસોફી ખૂબ ધ્યાન આકર્ષિત બની છે. ગ્રીક ફિલોસોફી, રૉમન ફિલોસોફી અને ભારતીય ફિલોસોફી. દરેકના પોતપોતાના આયામો છે, પરંતુ એટલું કહેવું જ પડે કે આ ત્રણેયની તુલનામાં પણ ભારતીય ફિલોસોફી સર્વોત્કૃષ્ટ સર્વોત્તમ છે. ભારતીય દર્શનશાસ્ત્રોનું ચિંતન અગાધ છે. ભારતીય ફિલોસોફી વ્યક્તિના સર્વાંગી વિકાસની હિમાયત કરે છે. ભારતીય દર્શનશાસ્ત્ર બહારથી અંદરની યાત્રાનું સૂચન કરી વ્યક્તિના મૂળ સ્વરુપને ઓળખવાની તેને પામવાની હિમાયત કરે છે.

ઈ.સ. ૨૦૦૫માં યુનેસ્કો દ્વારા નવેમ્બર મહીનાના ત્રીજા ગુરુવારને વિશ્વ ફિલોસોફી દિવસ તરીકે સૂચવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ પાછળનો મૂળ ઉદ્દેશ્ય વિશ્વભરનીની ફિલોસોફીની વિચારધારાઓને જનમાનસ સુધી વહેતી મુકવાનો છે. આ પ્રસંગે થયું કે ભારતીય ફિલોસોફી અને તેમાંય આયુર્વેદની ફિલોસોફી (કે દર્શન) વિષે થોડી વાતો કરીએ.

આમ જોઈએ તો ઉપનિષદોના મૂળભૂત ગ્રંથો ગણાય. આ વિચારધારાને પરિણામે અનેક પ્રકારની પ્રણાલીઓ પણ બંધાઈ છે. આયુર્વેદને લોકો દવા-નિદાન-રોગો આદિને સંબંધિત જ જુએ છે. પણ તેનો વિશેષ અભ્યાસ કરીએ તો ખ્યાલ આવે કે આયુર્વેદની પોતાની ફિલોસોફી છે જે અદ્ભૂત છે. આમ જુઓ તો આયુર્વેદમાં સાંખ્ય દર્શનનો પ્રભાવ જોવા મળે છે. આયુર્વેદ પણ બીજા ભારતીય શાસ્ત્રોની જેમ પંચમહાભૌતિક સિદ્ધાંતને માને છે. વિશ્વના તમામ પદાર્થો પંચમહાભૂતનાં જ બનેલા છે અને તેમાં જ વિલીન થાય છે.

આ પંચમહાભૌતિક સિદ્ધાંતને પાયામાં રાખીને આયુર્વેદના અમુક બીજા સિદ્ધાંતો પણ છે જેમ કે દરેક વ્યક્તિ પોતાની રીતે 'યુનિક' છે. એ ખરું કે દરેક વ્યક્તિ પંચમહાભૂતનો જ બનેલો છે દરેક વ્યક્તિમાં વાયુ-પિત્ત-કફ (ત્રિદોષ) અને સાત ધાતુ વિદ્યમાન છે. તેમ છતાં દરેક વ્યક્તિ પોતાની રીતે આગવો છે. દરેક વ્યક્તિની શારીરિક-માનસિક પ્રકૃતિ 'યુનિક' છે (જેમ દરેક વ્યક્તિના ડીએનએ યુનિક છે તેમ) આથી જયારે ચિકિત્સાની વાત આવે ત્યારે દરેક વ્યક્તિની ચિકિત્સા 'યુનિક' રીતે કરવાની થાય. વ્યક્તિની પ્રકૃતિ પ્રમાણે તેની ચિકિત્સામાં ફેરફાર કરવો પડે.

આયુર્વેદ આત્મતત્ત્વને પ્રતિપાદીત કરે છે. વ્યક્તિનું આત્મતત્ત્વ તેની સાચી ઓળખ છે. વિચાર, લાગણીઓ, ઈન્દ્રિયો આદિ દરેક બાબતોની શરુઆત આ આત્મતત્ત્વથી થાય છે. દરેક વ્યક્તિ આ આત્મતત્ત્વની અનુભૂતિ કરી શકે છે અને તેને પામી શકે છે. આયુર્વેદમાં 'સ્વાસ્થ્ય'ની ફિલોસોફી પણ બહુ અદ્ભૂત છે. આયુર્વેદ ખાલી શારીરિક સ્વાસ્થ્ય (ફિઝીકલ હેલ્થ) ને જ મહત્ત્વ નથી આપતું. પરંતુ 'પ્રસન્નઆત્મ ઈન્દ્રિય મન....' એવું પણ કહે છે. એટલે કે શારીરિક રીતે સ્વસ્થ તો ખરું જ પણ તે ઉપરાંત આત્મા-ઈન્દ્રિયો અને મનની પ્રસન્નતા પણ ખૂબ જરુરી છે. એટલે અહીં સ્પીરીચ્યુઅલ - સોશિયલ અને સાયકોલોજીકલ હેલ્થની પણ વાત આવી ગઈ. આપ જાણતા જ હશો કે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને 'સ્વસ્થ'ની વ્યાખ્યામાં છેલ્લે સુધારો કરી તેમાં 'આધ્યાત્મિક સ્વાસ્થ્ય'નો ઉમેરો કર્યો. આપણા આયુર્વેદે હજારો વર્ષો પહેલાં આધ્યાત્મિક-સ્વાસ્થ્યને સ્વસ્થતા સાથે વલેણું જ છે. આમ આયુર્વેદની ફિલોસોફીમાં સર્વાંગી ઉન્નતિની વાત છે.

આ ઉપરાંત આયુર્વેદ દર્શન સદ્વૃત્તમાં માને છે. આપણે ગતાંકે જ આયુર્વેદના સદ્વૃત્તની થોડી ઝાંખી મેળવી. આયુર્વેદીય દર્શન આપણને એક સારા વૈદ્ય જ નહિ પણ એક સારા નાગરિક બનતા પણ શિખવે છે. એક સારા માણસ બનતા શીખવે છે. ભારતીય ઋષિસંસ્કૃતિની શ્રેષ્ઠ ધરોહરો પૈકીના એક એવા આયુર્વેદના દર્શન વિષે આમ તો આખું પુસ્તક લખી શકાય પણ શક્ય તેટલું ટૂંકમાં શક્ય તેટલી વધુ માહિતી માટેનો પ્રયાસ છે. વધુ ચિંતન કરવું હોય તો આયુર્વેદીય પદાર્થ નામે પુસ્તક વાંચી શકો...

drkedarju@gmail.com

હાથમાં હાથ મેળવીએ



વિક્રમ સંવત ૨૦૭૨નું વર્ષ શરુ થયા પછી એક સપ્તાહ વીતી ગયું. નવલા વર્ષના નવલા પ્રભાતથી અર્થાત ગયા ગુરુવારથી આજ સુધી એટલે કે આ ગુરુવાર સુધીમાં આપે નવા વરસની શુભેચ્છાઓના પ્રતીકરુપ કેટકેટલા હાથો સાથે આપનો હાથ મિલાવ્યો હશે? કોઈ આપણા ઘરે આવે અને તુરત જ જાણે સાત સમંદર ખેડીને આવ્યા હોય અથવા બાર-પંદર વરસે પહેલીવાર આપણા આંગણે પધાર્યા હોય એવા અને એટલા આવકારાના ભાવો આંખમાં, ગાલમાં અને હોઠો પર ધરીને, 'ઓ..હો..હો.. હો..' કરતાં આપણે બેઠાં હોય ત્યાંથી ઊભા થઈ જઈ છીએ અને સામા ધસી જઈને હાથમાં હાથ મેળવીએ છીએ. કોઈ ખાસ પ્રિયપાત્ર હોય મતલબ કે નાનો ભાઈ, બહેન, વ્હાલો મિત્ર હોય તો ઉમળકાથી ભેટી પડીએ છીએ. નાનાં નાનાં ભૂલકાં હોય તો થોડીક વાર આપણા મોઢા સામે ભાળી ધીમેથી આપણા ચરણોમાં નમી પડે છે. એમની આ સુંદર ચેષ્ટા જોઈને હૃદય ઉમળકાથી ઊભરાઈ જાય છે, એને ઊંચકીને ચૂમી લેવાનું મન થઈ આવે છે. સ્ત્રીપાત્રોને બે હાથ જોડી 'જય શ્રીકૃષ્ણ' કહીએ છીએ. આવનારા ભાઈ, બહેન અને શિશુઓ ધીરે રહીને પોતાનું સ્થાન ગ્રહણ કરે કે તુરત આપણે કેટલાય વરસો બાદ મલ્યા હોય એમ પૂછીએ છીએ. 'બોલો શું છે નવાજુની?' હજુ તો પરમદિવસે જ બેઉ સાથીદારોએ બેંકમાં દસની નોટોનું બંડલ લેવા, હનુમાનજી સંજીવની લેવા દોટમદોટ હિમાલયમાં ગયા હતા એવી ઉડમઉડ કરી હતી અને પછી નિરાંતે જૂના સચિવાલય પાછળ આવેલા મીનાબજારની અડધી ચા લિજ્જતથી પી છૂટા પડ્યા હતા. છૂટા પડતી વખતે બોલ્યા હતા ખરા કે 'બેસતાં વરસે આવછો પાછા!' 'ચોક્કસ' - સાંભળનારે નેપોલિયન જેવી દૃઢતાથી ઉત્તર વાળ્યો હશે. એ વચન પાળવાનો ભારોભાર સંતોષ આવનાર મિત્રના ચહેરા પર ચમકતો તમે અવશ્ય નિહાળી શક્યા હશો. મનમાં થયું હશે 'સાલું મારે પણ હવે આના ઘેર પાંચ કિલોમીટરનો આંટો મારવા જવું પડશે. એને તો ઠીક છે, એના મોટા ભાઈ અમારા સેકટરમાં રહે છે એટલે લીટી ભેગો લસરકો કરી દીધો પણ મારે તો સ્પેશ્યલ... એટલામાં ડીશમાં મૂકેલી અસંખ્ય વાનગીઓમાંથી એકાદું મઠીયું ઓછું થયું હશે, એક નંગ કાજુકતરી બબ્બે ભાગ કરીને બધાએ આરોગી હશે. બાળકો માટે જો ચોકલેટ/જૅલી મૂકવામાં આવી હશે તો એને જરુરથી ન્યાય મળ્યો હશે. આવનાર મિત્રવૃંદ હજુ ઊભા થવાનું વિચારતું હોય તે પહેલાં કોઈ બીજો માનવસમુહ ઝાંપો ખોલી અંદર પ્રવેશ કરવા થનગની રહેલો માલૂમ પડતાં જ પહેલાં આવનાર ભાઈ-બહેન-ભૂલકાં બીજા આવનારાં ભાઈ-બહેન-ભૂલકાં માટે જગ્યા ખાલી કરવાના હેતુથી હળવે રહીને ઊભા થશે. તેઓ બહાર નીકળશે અને બીજા આવનારા ભાઈને જોતાં જ વળી પાછા તમો 'ઓ..હો..હો...' કરતાં સામા સદી જઈને હાથમાં હાથ મેળવતાં...

તા. ૧૬.૧૧.૨૦૧૫ના ગાંધીનગર સમાચારમાં ત્રીજા પાના પર સે-૪ના રહેવાશી જયેશભાઈ જોષી દ્વારા દિવાળીના દિવસે ગરીબ બાળકોને મિઠાઈ વહેંચવાના સમાચાર પ્રસિદ્ધ થયા છે. જયેશભાઈ જોષી અને તેમના મિત્રો દર દિવાળીએ પાંચ હજાર રૂપિયાની મિઠાઈ ખરીદીને ગરીબ પરિવારોમાં વહેંચે છે એવા ખબર આપણા મોંઢામાં ગળપણ લાવી દે છે. હર્ષની વાત એ છે કે જયેશભાઈ જોષી અમારા પણ મિત્ર છે પરંતુ દુઃખની વાત પણ એ છે કે એમના આ સત્કૃત્યમાં હું સામેલ થઈ શક્યો નથી. આ જ વર્તમાનપત્રના પાંચમા પાને મોડાસા જાયન્ટ ગ્રુપ દ્વારા ગરીબ પરિવારોને મિઠાઈનું વિતરણ કર્યાના સમાચારો પ્રગટ થયા છે બંને સમાચારો સાથે આપવામાં આવેલા ફોટોગ્રાફ્સમાં ગરીબ બાળકોના મુખ પર મિઠાઈ મળ્યાનો આનંદ સ્પષ્ટપણે દેખાઈ આવે છે આ સમાચાર અને આવા ફોટોગ્રાફ્સ આપવા માટે ગાંધીનગર સમાચારના વ્યવસ્થાપકો ખરેખર અભિનંદનના અધિકારી છે.

આ તો વાત થઈ પ્રગટ થયેલા સત્કૃત્યો અંગેની. આ નગરમાં કેટલાય મૂકસેવકો પ્રસિદ્ધિની કોઈ પણ અપેક્ષા વગર ચૂપચાપ માનવતાના મઠમીઠા કામો સાવ મૂંગા મૂંગા કરતા રહે છે એ આ નગરનું સૌથી મોટું સદ્ભાગ્ય છે. આત્મન ફાઉન્ડેશનના કું. પ્રજ્ઞાબેન એ પટેલ દરવરસે દિવાળીમાં ગરીબ પરિવારોમાં કપડાં, ચવાણું અને મિઠાઈ કોઈની યે સહાય વગર એકલા હાથે વહેંચે છે. આ વરસે દિવાળીના દિવસે સવારે મને આ સદ્કાર્યમાં સામેલ થવાનો અવસર મળી ગયો હોત પણ બરાબર એ ટાંકણે મારા શ્રીમતીજીએ વરસના છેલ્લા દિવસે માંદા પડવાનું મુર્હૂત સાચવ્યું અને હું સુકર્મીઓની યાદીમાંથી વંચિત રહી ગયો. કુ. પ્રજ્ઞાબેને કપડા, ચવાણું, મિઠાઈ બજારમાંથી ખરીદી લાવી, કાળી ચૌદશની અડધી રાત સુધી એકલા હાથે લગભગ સવાસો જેટલા પેકેટ્સ બનાવ્યા અને દિવાળીના દિવસે ગરીબ બાળકોના ચહેરાઓ ઉપર ઉજાશ લાવી દીધો.

આવી જ એક સંવેદનાસભર ઘટના સે-૧ના સરકાર સર્જીત સૂકા તળાવના કાંઠે રોજ સવારે સૂર્યના સુકોમળ કિરણસ્પર્શના સથવારે ઘટી રહી છે. આપણા સનદી સેવાના અધિકારી શ્રીમતી જયંતી રવિ અને તેમના જીવનસાથી રવિ સાહેબે ગરીબ અને પછાત ઝૂંપડાવાસીઓના નાના બાળકોને સુશિક્ષિત કરવાનું બીડું ઝડપ્યું છે. રોજ સવારે સાડા સાતથી સાડા આઠ વાગ્યાના સમયમાં દસથી પંદર બાળકો હોંશે હોંશે ભણવા આવે છે. આ બાળકો પહેલાં તળાવનો આંટો મારે છે, પછી લોનમાં બેસી શિક્ષણકાર્ય આરંભે છે. આ પ્રવૃત્તિથી ખુશ થઈ ઘણા ભલા માણસો બાળકો માટે નોટ, પેન્સિલ, નાસ્તો જેવી વસ્તુઓ ખૂબ પ્રેમથી લાવીને ભેટ આપે છે. બેસતા વર્ષે શ્રીમતી જયંતીબેન મિઠાઈ લઈ આવેલા. બીજા દિવસે કુ. પ્રજ્ઞાબેન સુંદર કપડાં અને ચવાણું લઈ આવ્યા. બેસતા વરસે હું ચોકલેટ લઈ ગયેલો પણ બાળખો આવેલાં નહીં એટલે ત્યાં નજીકમાં રહેતા બાળકોને તે વહેંચી દીધી. આ પ્રવૃત્તિની વાત મારા એક મિત્રને કરતાં તેણે મને દરેક બાળકોને તેના તરફથી સ્લેટ આપવાની ઑફર કરી છે. વધુમાં લાભપાંચમે સવારે મને ઘેર મીઠાઈ આપી ગયો, જે હાજર બાળકોને મેં વહેંચી હતી. તા. ૧૭.૧૧.૨૦૧૫ના રોજ બાળકો સ્લેટ અને પેન મેળવી ખુશખુશાલ થઈ ગયા.

આ તો બધી હતી આપવાની આનંદની વાત. પરંતુ આપણે કોઈને કશું પણ આપી શકવાની સ્થિતિમાં ના હોઈએ ત્યારે શું કરવું? એક સુંદર રશિયન વાર્તા અડધીપડધી યાદ આવે છે. રસ્તા ઉપર ઝડપથી ચાલ્યા જતા એક વ્યક્તિ સામે એક ભિખારીએ કશુંક આપવાની વિનંતી સાથે હાથ લંબાવ્યો, પેલા ભાઈને એકાદ સિક્કો આપવાની ઈચ્છા થઈ આવી. ખિસ્સા ફંફોસ્યા પણ હાથ એવા ને આવા ખાલી બહાર આવ્યા. ચહેરા પર થોડાક નિરાશાના અને થોડાક હતાશાના ભાવ ઉપસી આવ્યા. પેલો ભિખારી બધી વસ્તુ પરિસ્થિતિ સમજી ગયો. હળવું હસીને કહે, 'આમ રોકડમાં મને કશું ના આપી શકો તો કંઈ નહીં, મારી સાથે હાથ મિલાવો,

અનુસંધાન પાના નં. ૬ પર

જિંદગીમાં ક્યાંય કશી દાદ-ફરિયાદ કર્યા વગર દરેક પડકારને ઈશ્વરનો આદેશ માની ઝીલજો.... કર્તવ્યપાલનમાં કદી પાછીપાની ન કરશો...

નવાં વર્ષે હર્ષે,
નવાં કો ઉત્કર્ષે, હૃદય,ચલ!
માંગલ્ય પથ આ
નિમંત્રે; ચક્રો ત્યાં કરગતિ ભર્યા પ્રેમ્રથનાં
નવી કો આશાઓ,
નવી આકાંક્ષાઓ પથ પર લળુંબી મૃદુ રહી ;
મચી રહેશે તારી અવનવલ શી ગોઠડી તહીં !

- ઉમાશંકર જોશી

"જય શ્રી કૃષ્ણ" ધ્વનિત થતા આ શબ્દોને ઉમળકાભેર પ્રતિસાદ વાળતાં ભેટી જવાય કાં'તો ઉંમરમાં મોટા હોય તો ચરણસ્પર્શ માટે સહજ વાંકા વળી જવાય..... માંહ્યલો હરખાઈ ને મહોરી ઉઠે!! વર્ષભર કદાચ સામે મળે ન બોલનાર નૂતન વર્ષે આગ્રહ કરી-કરીને ચા - નાસ્તો કરાવે.... આવી પ્રત્યક્ષ મધુરતા અર્થસભર જીવવાની ટકોર કરી જાય છે.

દોસ્તો, અન્યોન્યને આમ નિરપેક્ષ - નિરાકાંક્ષ ચાહવા લાગીએ ત્યારે સૃષ્ટિનિયતા અવશ્ય હરખાય..!! આશીર્વાદ ઢોળે...!! નૂતનવર્ષની નવલું પ્રભાત સવાઈ સવાર બની મ્હોરી ઊઠે છે. રોજ કરતાં વહેલા ઊઠીને "અપ-ટુ-ડેટ" ઉજળાં ને હરખ પદૂડા માનવી કેટલાં સભ્ય ને સંસ્કારી લાગે છે..!!



વિક્રમ સંવત એ તો પરદુઃખભંજક ને ન્યાયી શાસક વીર વિક્રમનું કાલાતિત સંભારણું. "વિક્રમ અને વેતાળ"ની વાર્તાઓ સિવાય આપણે બીજું જાણીયે છીએ શું? સ્વાર્થ વગર ઘરનો ઉંબરો ન ઓળંગનાર બીજાને મળવા તલપાપડ થાય એ જ આ પર્વનું ખારું પરાક્રમ... પસાર કરેલા વર્ષોનું સિંહાવલોકન કરવું, આદર્યા અધૂરા રહ્યા હોય તો પૂરા કરવાની તક નવું વર્ષ પૂરી પાડે છે. રગેરગ વ્યાપેલી ઉદાસી હટાવી રોમેરોમ હરખના દીવડા પેટાવે તે આ પર્વ. કોડિયું પ્રગટાવીએ, રંગોળી સજાવીએ કે તોરણ ટીંગાડીએ - દેખાતીઆ સ્થૂળ ક્રિયાઓ વાસ્તવમાં સૂક્ષ્મપણે માંહ્યલાને માંજે છે... કવિ રણછોડે ગાયું છે -

દિલમાં દીવો કરો રે,
દિલમાં દીવો કરો,
કૂડા કામ, ક્રોધને પરહરો રે
દિલમાં દીવો કરો...

વર્ષભરના અંધારાને કોડિયાના અજવાળામાં પ્રગટાવીએ એ જ સાર્થક દિવાળી... એક દીવડો પ્રગટે ને અંધકાર ક્ષણમાં ગાયબ...

મિત્રો, આપણે બધા ઈશ્વરી પ્યાદાં છીએ મર્ત્યલોકના આ મહામંચ ઉપર આપણે ભાગે આવેલું પાત્ર બખૂબી ભજવી જવામાં જ શાણપણ છે, એમાં ઊણા ન ઉતરીએ. આ પર્વો આપણને પ્રબોધે છે.

જીવનજ્યોત જગાવો,પ્રભુ હે!
વણદીવે અંધારે જોવા આંખે તેજ ભરાવો,
વણ જહાજે દરિયાને તરવા બળ બાહુમાં આપો;
અમને ઝળહળતાં શીખવાડો!

પ્રગટવું તો છે પણ "વણદીવે" પ્રગટવાની ને "અંધારાને જોવાની" કવિ સુન્દરમ આ ભાવના આપણી પણ બની રહે તો કેવું! પ્રત્યેક ઘેર પ્રગટેલાં કોડિયાંના ઉજાસે સૃષ્ટિ ઝળાંહળાં થઈ ઊઠે છે. એમ આ સંકલ્પદિને શુભ સંકલ્પનો વિચાર વાવી વ્યક્ત થઈએ... વ્યક્ત થાય તે વ્યક્તિ.

વર્ષો પહેલા અમે નાના હતા ત્યારે મોટા ભાગે કપડાં - કરિયાણાની ખરીદી ઉધાર જ થતી.. બેસતા વર્ષના દિવસે શેઠને ત્યાં બોણી કરાવવા જવાનું થાય... ગોળધાણા કે ચા મળે.... રોકડ જમા કરાવતાં પેલી દૂધે ધોઈને આપવાની ભાવના અનુભવાતી..... વર્ષ નબળું હોય તો શેઠ હિંમત આપે. શેઠના રક્તવણી ચોપડામાં "શ્રી।" (શ્રી સવા) ઘૂંટાયેલું જોઈ મનમાં પ્રશ્ન જાગતો... આજે મોટા થયા સમજણ આવી પ..ણ... ન તો પેલા શેઠ કે ન તો ઉધારી વહેવાર રહ્યો... કદાચ મારા ખ્યાલ મુજબ "ઉદ્ધાર" માટે વપરાયેલ શબ્દ "ઉધાર" બન્યો હશે.

આપણી સંસ્કૃતિ તો સવાઈ કમાણીને નૈતિક માન્યતા આપી છે. સવાયાપણું ઈચ્છનીય ને શોભાયમાન છે. આજના શાસકોએ તો "પાવલી" (પચ્ચીસ પૈસાનો સિક્કો) ને ચલણમાંથી હટાવી દીધી.... દોઢા - બમણા કે તક મળે તો એથી વિશેષ કમાઈ લેવાવાળા આજના રોકડિયા વહેવારે એકસમયના "શ્રેષ્ઠી" ને અમે "શેઠ" કહેતા તે આજે "શઠ" બનેલા જોવા મળે છે.

મિત્રો, સમયના બદલ સાથે દુનિયા બદલાતી રહી. માનવીના વર્તન વ્યવહારો પણ બદલાયા. ક્યાંક આડેપાટે ચઢ્યા ત્યારે આવા પર્વો આપણને ઢંઢોળે છે, જગાડે છે. ભીતર જોવાનું શીખવે છે. બહાર અવનવી રોશનીને ઝગમગતું અજવાળું ને પંડમાં - ભીતરમાં - અંદર અંધારું.... આવી કરુણ વિસંગતી વચ્ચે આપણે જીવીએ છીએ. આપણા ભીતરી અંધારના સર્જક આપણે ખુદ છીએ. નૂતન વર્ષે આપણે અંધારાના વિસર્જક થવાનું છે. આપણો અંધકાર એટલે અહંકાર. રાગ - દ્વેષ, કામ, ક્રોધ, લોભ - લાલચ આ બધાનું મૂળ અહંકારમાં ધરબાયેલું પડ્યું છે. એ જ આપણને જ્યાં ત્યાં અથડાવી મારે છે. ખૂણે ખાંચરે સાફસૂફી આદરીએ છીએ ખરા પણ મનના ખૂણાની સફાઈ કદી કરી છે ખરી?!

દોસ્તો, નવવર્ષના પ્રત્યેક દિવસને નૂતનવર્ષની જેમ ગણજો... સમયની ગતિ અનવરત છે... સમયની આંગળી પકડીને ચાલશો તો જ ગતિમાન રહેવાશે. પોતાની શક્તિને સામર્થ્યને માપજો. જિંદગી ટચૂકડી છે ને તમન્નાઓ ઝાઝી... લક્ષ્ય દૂર છે ને હકીકત નજીક છે... તમન્નાથી કાર્ય કરજો... નિરાશાને હડસેલી આગળ વધજો. પોતાની બુદ્ધિ ને બાહુબળ પર ભરોસો રાખજો. જિંદગીમાં ક્યાંય કશી દાદ-ફરિયાદ કર્યા વગર દરેક પડકારને ઈશ્વરનો આદેશ માની ઝીલજો.... કર્તવ્યપાલનમાં કદી પાછીપાની ન કરશો. રોજ પ્રભાતે આશાના પુષ્પ ખીલવજો ને આખું વર્ષ પુષ્પની મહેક પસરાવતા રહેજો... ચાલો, સ્વ ની સાથે સમષ્ટિને શણગારીએ...!!

સ્પર્શમણિ :

ભગવાન તો આપણી સામે એક સમસ્યા અવારનવાર ઉભી કરી દે છે અને આપણે દરેક વાર પરીક્ષામાં પાસ થવું પડે છે કારણ એ છે કે ભગવાનને પરિસ્થિતિ બદલે એમાં નહિ, આપણે બદલાઈએ એમાં વધુ રસ છે.

- rasikvaland1965@gmail.com